# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 62 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ યુવા પહેલો શરૂ કરી.
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે, નક્સલવાદીઓને શસ્ત્રો છોડીને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાવાની અપીલ કરી.
3. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ગાંધીનગરથી રાષ્ટ્રવ્યાપી "તમારી મૂડી, તમારા અધિકારો" અભિયાન શરૂ કર્યું.
4. ગાઝામાં છેલ્લા 12 કલાકમાં થયેલા ઇઝરાયલી હુમલામાં 20ના મોત
5. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં, ભારતે વેસ્ટ ઈન્ડિઝને એક દાવ અને 140 રનથી હરાવ્યું

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV PM- YOUTH SCHEME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 62 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ યુવા પહેલો શરૂ કરી. આ યુવા-કેન્દ્રિત પહેલો દેશમાં શિક્ષણ, કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપશે.

આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજિત કૌશલ્ય દિક્ષાંત સમારોહમાં, પ્રધાનમંત્રીએ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITIs) દ્વારા પ્રધાનમંત્રી કૌશલ્ય અને રોજગાર પરિવર્તન (PM-SETU) પહેલનો પ્રારંભ કર્યો. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે ભારત જ્ઞાન અને કૌશલ્યનો દેશ છે, અને બૌદ્ધિક શક્તિ એ રાષ્ટ્રની સૌથી મોટી તાકાત છે.

(બાઈટ - પીએમ મોદી IIT વર્કશોપ - 24મી)

પ્રધાનમંત્રીએ કહ્યું કે પીએમ-સેતુ યોજના હેઠળ, તાલીમ સંસ્થાઓને અપગ્રેડ કરવામાં આવશે અને આધુનિક મશીનરીથી સજ્જ કરવામાં આવશે.

(બાઇટ - પીએમ સેતુ યોજના - 27મી.)

આ પ્રસંગે શ્રી મોદીએ ભારત રત્ન કર્પૂરી ઠાકુરના યોગદાનને પણ યાદ  કરતાં કહ્યું કે તેમના નામે સ્થાપિત થઈ રહેલી કૌશલ્ય યુનિવર્સિટી તેમના દ્રષ્ટિકોણને આગળ વધારવા માટે એક શક્તિશાળી માધ્યમ બનશે. પ્રધાનમંત્રીએ બિહારમાં મુખ્યમંત્રી નિશ્ચય સ્વ-સહાય ભથ્થું યોજના પણ શરૂ કરી. આ યોજના હેઠળ, આશરે પાંચ લાખ સ્નાતકોને દર વર્ષે મફત કૌશલ્ય તાલીમ અને બે વર્ષ માટે એક હજાર રૂપિયા માસિક ભથ્થું મળશે.

. . . . . . . . . . . . .

## PM-NADDHA-HEALTH CAMPAIGN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનને ભારતની મહિલાઓ માટે અસરકારક અને લાભદાયી બનાવવા માટે પાયાના સ્તરે અથાક મહેનત કરનારા તમામ લોકોના પ્રશંસનીય પ્રયાસોની પ્રશંસા કરી. કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાની સોશિયલ મીડિયા સંદેશનો જવાબ આપતા, શ્રી મોદીએ આ અભિયાનને જનભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું.

આ અગાઉ, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ જણાવ્યું હતું કે સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાને 6 કરોડ 50 લાખથી વધુ મહિલાઓની તપાસ કરીને એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

. . . . . . . . . . . . .

## PRIME MINISTER - TRIBUTES TO TIRUPPUR KUMARAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તિરુપ્પુર કુમારન અને સુબ્રમણ્યમ શિવને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે તમિલનાડુના આ બે નેતાઓએ ભારતના સ્વતંત્રતા સંગ્રામ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું અને લોકોમાં રાષ્ટ્રવાદની ભાવનાને પ્રેરણા આપી.

તિરુપ્પુર કુમારન રાષ્ટ્રધ્વજ પકડીને શહીદ થયા, જે તેમના અદમ્ય હિંમત અને માતૃભૂમિ પ્રત્યેના સર્વોચ્ચ સમર્પણનું પ્રતીક છે. સુબ્રમણ્યમ

શિવાએ તેમના નિર્ભય લેખન અને શક્તિશાળી ભાષણો દ્વારા યુવાનોમાં સાંસ્કૃતિક ગૌરવ અને દેશભક્તિની ભાવના જાગૃત કરી.

. . . . . . . . . . . . .

## AMIT SHAH BASTAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે, નક્સલવાદીઓને શસ્ત્રો છોડીને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાવાની અપીલ કરી. આજે છત્તીસગઢના જગદલપુરમાં બસ્તર દશેરા લોકોત્સવ કાર્યક્રમને સંબોધતા શ્રી શાહે, આગામી વર્ષે 31 માર્ચ સુધીમાં દેશને નક્સલવાદી સમસ્યાથી મુક્ત કરવાના કેન્દ્ર સરકારના સંકલ્પનો પુનરોચ્ચાર કરતા કહ્યું કે, નક્સલવાદની સમસ્યાને કારણે બસ્તર વિકાસથી વંચિત રહ્યું છે.

(બાઇટ - અમિત શાહ)

કેન્દ્રીય ગૃહમંત્રીએ આજે જગદલપુરમાં બસ્તર દશેરા લોક મહોત્સવ પ્રસંગે મુખ્યમંત્રી ગ્રામીણ બસ સેવા યોજનાનો પ્રારંભ કર્યો હતો. તેમજ છત્તીસગઢ સરકારની મહાતારી વંદન યોજનાના વીસમા હપ્તામાં સિત્તેર લાખ મહિલાઓના ખાતામાં છસો કરોડ રુપિયાથી વધુ ટ્રાન્સફર કર્યા.

. . . . . . . . . . . . .

## SITHARAMAN-GANDHINAGAR

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે ગુજરાતના ગાંધીનગરથી રાષ્ટ્રવ્યાપી "તમારી મૂડી, તમારા અધિકારો" અભિયાન શરૂ કર્યું. આ અભિયાનનો ઉદ્દેશ્ય નાણાકીય વ્યવસ્થાના વિવિધ ક્ષેત્રોમાં પડેલી

દાવા વગરની નાણાકીય સંપત્તિનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવાનો છે. નાણામંત્રીએ જણાવ્યું હતું કે આ અભિયાન તેમના કાયદેસર દાવેદારોને દાવા વગરની થાપણોનું વાજબી વળતર સુનિશ્ચિત કરશે.

(બાઇટ- નિર્મલા સીતારમણ, નાણામંત્રી)

આ પ્રસંગે, ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ આ અભિયાનને નાગરિક-કેન્દ્રિત શાસનના માપદંડ તરીકે વર્ણવ્યું. તેમણે ખાતરી આપી કે ગુજરાતમાં વિવિધ નાણાકીય સંસ્થાઓમાં પડેલી દાવા વગરની સંપત્તિનો ઝડપથી નિકાલ કરવામાં આવશે.

આગામી ત્રણ મહિનામાં, આ અભિયાન દેશના દરેક જિલ્લામાં શરૂ કરવામાં આવશે. હાલમાં દેશભરની વિવિધ નાણાકીય સંસ્થાઓ પાસે 1 લાખ 82 હજાર કરોડ રૂપિયાની દાવા વગરની સંપત્તિઓ પડી છે. આ કાર્યક્રમ દરમિયાન, ઘણા દાવેદારોને તેમની દાવા વગરની સંપત્તિઓ પરત કરવાની પુષ્ટિ કરતા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

-------------------------------------------------------------------------------

# GUJARAT - NEW BJP ADHYKSH

ગુજરાતના સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માને આજે ગાંધીનગરમાં રાજ્ય પાર્ટી મુખ્યાલય શ્રી કમલમ ખાતે આયોજિત એક સમારોહમાં ભારતીય જનતા પાર્ટીના નવા પ્રદેશ પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા. વિશ્વકર્માએ સત્તાવાર રીતે કેન્દ્રીય મંત્રી અને વિદાય લેતા ભાજપ પ્રમુખ સી.આર. પાટિલના અનુગામી બન્યા.

પોતાના સંબોધનમાં, વિશ્વકર્માએ પાર્ટી નેતૃત્વ પ્રત્યે ઊંડો આભાર વ્યક્ત કર્યો અને એકતા અને સામૂહિક જવાબદારી પર ભાર મૂક્યો. તેમણે બૂથ-સ્તરના પ્રમુખોથી લઈને જિલ્લા નેતાઓ સુધી, દરેક પાર્ટી કાર્યકર સાથે ખભે ખભો મિલાવીને ગુજરાતના લોકોની સેવા કરવાનો સંકલ્પ લીધો.

. . . . . . . . . . . . .

# ISRAEL ATTACKS GAZA DESPITE PLAN

ગાઝામાં, છેલ્લા 12 કલાકમાં ઇઝરાયલી હુમલામાં 20 લોકો માર્યા ગયા હોવાનું, ગાઝાની નાગરિક સંરક્ષણ એજન્સીએ જણાવ્યું હતું, જોકે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલને તાત્કાલિક બોમ્બમારો બંધ કરવા હાકલ કરી.

હમાસ અને ઇઝરાયલએ ટ્રમ્પના પ્રસ્તાવને મંજૂરી આપવાની તૈયારી દર્શાવી હોવા છતાં, ઇઝરાયલે હુમલા ચાલુ રાખ્યા છે. ઇઝરાયલ સંરક્ષણ દળો અને ઇઝરાયલી પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું હતું કે, તેઓ ટ્રમ્પના પ્રસ્તાવના પ્રથમ તબક્કાની તૈયારી કરી રહ્યા છે, જેમાં ગાઝામાં હમાસ દ્વારા હજુ પણ બંધકોને મુક્ત કરવાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# TEST-CRICKET

આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં, ભારતે વેસ્ટ ઈન્ડિઝને એક દાવ અને 140 રનથી હરાવ્યું, અને બે મેચની શ્રેણીમાં 1-0 ની સરસાઇ મેળવી છે.

વેસ્ટ ઇન્ડિઝને પ્રથમ ઇનિંગમાં 162 રનમાં ઓલઆઉટ કર્યા બાદ, ભારતે 448 રન બનાવીને દાવ ડિક્લેર કર્યો હતો. ભારતીય ક્રિકેટર ધ્રુવ જુરેલ, રવિન્દ્ર જાડેજા અને કે.એલ. રાહુલની સદીઓએ યજમાન ટીમને વેસ્ટ ઇન્ડીઝ પર 286 રનની જંગી લીડ મેળવવામાં મદદ કરી.

શ્રેણીની બીજી મેચ આ મહિનાની 10મી તારીખથી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાશે.

-------------

# TEAM INDIA - AUSTRALIA TOUR

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે મર્યાદિત ઓવરોની શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત કરી છે. શુભમન

ગિલને એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીને ખેલાડીઓ તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. સૂર્યકુમાર યાદવ T20 ટીમનું નેતૃત્વ કરશે.

ભારતીય ટીમ ૧૯ થી ૨૫ ઓક્ટોબર દરમિયાન ત્રણ મેચની એક દિવસીય આંતરરાષ્ટ્રીય શ્રેણી રમશે, જ્યારે બંને દેશો ૨૯ થી ૮ ઓક્ટોબર દરમિયાન પાંચ મેચની T20 શ્રેણી રમશે.

. . . . . . . . . . . . .

## REV. BIHAR - ELECTION COMMISSION

ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નેતૃત્વમાં આયોગની ટીમે આજે આગામી બિહાર વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ અંગે રાજકીય પક્ષો સાથે ચર્ચા કરી હતી. ભારતીય જનતા પાર્ટી, જનતા દળ-યુનાઇટેડ, રાષ્ટ્રીય જનતા દળ, કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને અન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ માટે પોતાના મંતવ્યો અને સૂચનો રજૂ કર્યા હતા.

શાસક ભાજપે ચૂંટણીના ઓછા તબક્કાની માંગ કરી છે. પ્રદેશ ભાજપ પ્રમુખ ડૉ. દિલીપ જયસ્વાલે વધુમાં વધુ બે તબક્કા માટે આગ્રહ કર્યો હતો. ભાજપની માંગ છે કે ચૂંટણીઓ આવતા મહિનાની ત્રીજી કે ચોથી તારીખ પછી યોજવામાં આવે.

બીજી તરફ, વિપક્ષ રાષ્ટ્રીય જનતા દળે રાજ્યમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારાનો વિરોધ કર્યો. વિપક્ષી પક્ષે પણ બે

તબક્કાની ચૂંટણીઓની માંગ કરી હતી. પક્ષના નેતા અભય કુશવાહાએ આદર્શ આચારસંહિતાનું નિષ્પક્ષ પાલન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . .

## CBI - OPERATION CHAKRA

CBIએ HPZ ક્રિપ્ટોકરન્સી ટોકન કેસમાં દરોડા પાડીને કરોડો રૂપિયાના આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડીનો પર્દાફાશ કર્યો છે. ઓપરેશન ચક્ર-5 હેઠળ, ગઈકાલે દિલ્હી-NCR, હૈદરાબાદ અને બેંગલુરુમાં સાત સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડામાં ગુનાહિત ડિજિટલ પુરાવા અને નાણાકીય રેકોર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા. આ કેસમાં, CBI એ છેતરપિંડીમાં સક્રિય ભૂમિકા ભજવનારા પાંચ આરોપીઓની ધરપકડ કરી છે.

. . . . . . . . . . . . .